# રૉકેટ ગતિ... : રાજ્યમાં રેકોર્ડ ૪૨૧૩ કેસ

## અમદાવાદ શહેરમાં ૧૮૩૫ કેસ સામે આવ્યા : રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાખ ૨૦ હજાર ૩૮૩ લોકો સાજા થયા : ૧૦૧૨૭ના મૃત્યુ

ગુજરાતમાં કોરોનાએ ફરી ચિંતાજનક સ્થિતિ ઉભી કરી દીધી છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અધધધ રેકોર્ડ ૪૨૧૩ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૧ વ્યક્તિનું નિધન થયું છે. કોરોનાની સારવાર બાદ ૮૯૦ લોકો સાજા થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ઓમિક્રોનનો એકપણ કેસ પણ સામે આવ્યો નથી. માત્ર અમદાવાદ શહેરમાં ૧૮૩૫ કેસ સામે આવ્યા છે. ગુજરાતના ૩૦ જિલ્લામાં કેસ સામે આવ્યા છે. નવા કેસ સાથે ગુજરાતમાં કુલ સંક્રમિતોનો આંકડો ૮ લાખ ૪૪ હજાર ૮૫૬ પર પહોંચી ગયો છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાખ ૨૦ હજાર ૩૮૩ લોકો સાજા થયા છે. તો કોરોનાને લીધે ૧૦૧૨૭ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૮૩૫, સુરત કોર્પોરેશનમાં ૧૧૦૫, વડોદરા કોર્પોરેશનમાં ૧૦૩, રાજકોટ કોર્પોરેશનમાં ૧૮૩, આણંદમાં ૧૧૨, ખેડામાં ૬૬, સુરતમાં ૮૮, કચ્છમાં ૭૭, ગાંધીનગર કોર્પોરેશનમાં ૫૯, વલસાડમાં ૫૮, નવસારીમાં ૪૬, ભરૂચમાં ૪૩, રાજકોટમાં ૪૧, ભાવનગર કોર્પોરેશનમાં ૩૮, ગાંધીનગરમાં ૩૨, જામનગર કોર્પોરેશનમાં ૩૨, જુનાગઢ કોર્પોરેશનમાં ૩૦, અમદાવાદમાં ૨૭, સાબરકાંઠામાં ૨૩, મહેસાણામાં ૨૨, દેવભૂમિ દ્વારકામાં ૧૮, મોરબીમાં ૧૮, પંચમહાલમાં ૧૮, સુરેન્દ્રનગરમાં ૧૭, અમરેલીમાં ૧૬, દાહોદમાં ૧૫, ગીર સોમનાથમાં ૧૫, તાપીમાં ૧૪, વડોદરામાં ૧૩, બનાસકાંઠામાં ૧૨, અરવલ્લીમાં ૧૧, મહીસાગરમાં ૭, નર્મદામાં ૬, પોરબંદરમાં ૫, છોટા ઉદેપુરમાં ૩, જામનગરમાં ૩, ભાવનગરમાં ૨, અને જુનાગઢમાં ૨ કેસ સામે આવ્યા છે. તાપીમાં એકનું મોત થયું છે.

કોરોના સાથે રાજ્યમાં ઓમિક્રોનના કેસમાં પણ મોટો વધારો થયો છે. અમદાવાદ શહેરમાં ઓમિક્રોનનો એકપણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા ૨૦૪ પર પહોંચી ગઈ છે. રાજ્યમાં અત્યાર સુધી ૧૧૨ દર્દી ઓમિક્રોનને માત આપી ચુક્યા છે.

ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૪૩૪૬ થઈ ગઈ છે. જેમાં ૨૯ દર્દી વેન્ટિલેટર પર છે. તો અત્યાર સુધી સારવાર બાદ ૮૨૦૩૮૩ લોકો સાજા થઈ ચુક્યા છે. જ્યારે કોરોનાને લીધે ૧૦૧૨૭ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં આજે ૫,૦૧,૪૦૯ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ ૯ કરોડ ૨૩ લાખ ૩૬ હજાર ૩૯૨ વેક્સીનના ડોઝ આપી દેવામાં આવ્યા છે. જેમાં પ્રથમ અને બીજો ડોઝ સામેલ છે. ગુજરાતના રિકવરી રેટ ૯૭.૧૦ ટકા થઈ ગયો છે.

### રાજયના આરોગ્યકર્મીઓની રજાઓ રદ : તાત્કાલિક ફરજ પર હાજર થવા આદેશ

રાજયમા પ્રવર્તી રહેલ કોવિડ-૧૯ની સાપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને આરોગ્ય વિભાગ દ્વારા રાજયના આરોગ્ય કર્મીઓની રજાઓ રદ કરાઈ છે અને તમામ કર્મીઓને તાત્કાલિક ફરજ પર હાજર થવા આદેશો કરી દેવાયા છે અને આગામી સમયમા અનિવાર્ય સંજોગો સિવાય રજા મંજૂર કરાશે નહી.

આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયાનુસાર રાજયમાં હાલ કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે અને આગામી સમયમાં રોગનું સંક્રમણ વધવાની શક્યતા રહેલી છે. જેથી, કોવિડ-૧૯નાં દર્દીઓને સમયસર સારવાર મળી રહે તથા આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે જળવાઈ રહે તે માટે જાહેર આરોગ્યને લગત સંસ્થાઓમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ જો રજા પર હોય તો તેઓની રજા રદ કરીને તાત્કાલિક ફરજ પર હાજર થવા જણાવવામાં આવે છે તથા આગામી સમય માટે કોઈ પણ અધિકારી/કર્મચારીની રજા અનવાર્ય સંજોગ સિવાય મંજૂર કરવામા આવશે નહી તેમ વધુમા જણાવાયુ છે.

# લોકડાઉન અંગે "વા વાયાંને નળિયું ખસ્યુંને કુતરું ભસ્યું" જેવો ઘાટ સર્જાયો..!!

## રાજ્ય સચિવે આંશિક લોકડાઉનના આદેશ આપ્યો હોવાનો ફેક મેસેજ વાઇરલ થતાં જ શહેરના નાગરિકોમાં ચિંતા પ્રસરી : જોકે સરકારે એવી કોઇ જાહેરાત નહોતી કરી

ગાંધીનગર તા.૦૬

છેલ્લાં કેટલાક દિવસથી શહેરમાં વાઈબ્રન્ટ સમિટ પુરી થયાં પછી ફરી લોકડાઉન લાગુ પડશે તેવી ચર્ચાએ જોર પકડયું હતુ તેમાં આજે સરકારે વાઈબ્રન્ટ સમિટ મોકૂફ રાખવાની જાહેરાત કરવાની સાથે સાથે જ સોશિયલ મીડિયા પર રાજ્ય સચિવે કોરોના ગાઈડલાઈન અનુસાર વિવિધ પ્રતિબંધો જાહેર કર્યા હોવાનો એક મેસેજ ઝડપથી વાઈરલ થવા પામ્યો હતો જેના કારણે નાગરિકોમાં અચાનક ચિંતાની પરિસ્થિતિ પ્રસરવા પામી હતી. જોકે આ મેસેજ ફેક હોવાના ગણતરીના સમયમાં જ ખુલાસા પણ ફરતા થયા હતા બીજી તરફ રાજ્ય સરકાર તરફથી મોડી સાંજ સુધી નવી કોરોના એસઓપી અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નહોતી જેથી નાગરિકોએ લૉકડાઉનની અફવાઓથી દૂર રહેવું જોઈએ.

સોશિયલ મિડીયામાં વાઈરલ થયેલા મેસેજ અનુસાર રાજ્ય સચિવ દ્વારા રાત્રે ૧૦ થી સવારે ૫ વાગ્યા સુધી સંપૂર્ણ લોકડાઉન સહિત કેટલીક વિદેશી ફ્લાઈટ્સ પર પ્રતિબંધ, સરકારના તમામ કાર્યક્રમો ફેબ્રુઆરી સુધી સ્થગિત, આવતીકાલથી તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી બંધ રહેવાની, તમામ સરકારી કચેરીઓ, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ અને કોમ્પ્લેક્સમાં ૫૦ ટકા હાજરી સાથે સ્વિમિંગ પુલ, સ્પા, જિમ, સલૂન, વેલનેસ પાર્લર વગેરે સંપૂર્ણ બંધ કરવાની સૂચના આપી હોવાની વાત લખેલી હતી.

આ પ્રકારની સૂચનાઓને કારણે નાગરિકોમાં ફરીથી આંશિક લોકડાઉનનો ભય પ્રસરવા પામ્યો હતો. જોકે બીજી તરફ સરકાર દ્વારા આવી કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નહોતી અને મોડી સાંજ સુધી પણ સરકારે કોરોનાની નવી એસઓપી અંગે કોઈ જાહેરાત કરી નહોતી. પ્રાપ્ત વિગતો અનુસાર સોશ્યિલ મીડિયામાં જે મેસેજ વાઈરલ થયો હોત તો તે અન્ય કોઈ રાજ્યની એ સોંપી હોવાનો અને જેનું કોઈએ ઈન્ટરનેટ ઉપર ગુજરાતીમાં ટ્રાન્સલેશન કર્યુ હતું જે વાઈરલ થઈ જતાં આ પ્રકારનો મેસેજ પ્રસરવા પામ્યો હતો, જોકે આ બાબતે પણ કોઈ સત્તાવાર સ્પષ્ટતા પ્રાપ્ત નથી.

# આગામી ત્રણ દિવસ સુધી વાતાવરણ યથાવત રહેશે

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર આગામી ત્રણ દિવસ રહેશે ૯ જાન્યુઆરીથી વાતાવરણ સુકુ બનશે : હવામાન વિભાગ

અમદાવાદ, તા.૬

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતના વાતાવરણ ઉપર જોવા મળી રહી છે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈક્લોનિક સર્ક્યુલેશનને કારણે ગુજરાતમાં કમોસમી વરસાદ થશે. આગામી ત્રણ દિવસ વાતાવરણ યથાવત રહેશે જો કે આજે પણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં માવઠું થયું છે જેના કારણે ખેડૂતો પરેશાન થઈ રહ્યા છે પરંતુ આગામી ૩ દિવસ ખેડૂતો માટે ચિંતાજનક છે. કારણ કે કમોસમી વરસાદની આગાહી યથાવત છે.

આવતીકાલે પણ આણંદ અરવલ્લી બનાસકાંઠા દાહોદ મહીસાગર મહેસાણા પંચમહાલ પાટણ સાબરકાંઠા ભરૂચ છોટાઉદેપુર નર્મદા સુરત અમરેલી ભાવનગર બોટાદ દ્વારકા જામનગર મોરબી રાજકોટ સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે તો ૮ જાન્યુઆરીના ડાંગ નર્મદા નવસારી તાપી વલસાડ દમણ દાદરાનગર હવેલીમાં સામાન્ય વરસાદ રહેશે. હવામાન વિભાગનું અનુમાન છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર આગામી ત્રણ દિવસ રહેશે ત્રણ દિવસ બાદ એટલે કે ૯ જાન્યુઆરીથી વાતાવરણ સુકુ બની જશે એટલે કે ત્રણ દિવસ બાદ માવઠાના મારથી ખેડૂતોને રાહત મળશે. કમોસમી વરસાદ બાદ ઠંડીનું જોર વધશે. હવામાન વિભાગનું અનુમાન છે કે આગામી ત્રણ દિવસ બાદ પવનની દિશા બદલાશે અને વાતાવરણ સૂકું બનશે અને ઠંડા પવનો ફુંકાવાના કારણે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો ઘટાડો નોંધાશે જેના કારણે ફરી એક વખત ઠંડીનો ચમકારો વધશે. ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે વાદળછાયુ વાતાવરણ જેના કારણે મહત્તમ તાપમાન નીચુ નોંધાયું છે જેના કારણે દિવસ દરમિયાન ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે જોકે બેવડી ઋતુનો માર કૃષિ પાક પર પડી રહ્યો છે સાથે જ લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર જોવા મળી રહી છે

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે ૯થી ૧૩ જાન્યુઆરીના રાજ્યમાં કાતિલ ઠંડી પડશે. અને લઘુતમ તાપમાનનો પારો ગગડશે. તેમજ ૧૬થી ૧૮માં ફરી વાતાવરણ પલટો આવે છે.

# ગુજરાત વીજ નિયમન પંચના અધ્યક્ષ તરીકે અનિલ મુકીમને શપથ લેવડાવતા ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વીજ નિયમન પંચ-



ર્ઈઈઝના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયેલા પૂર્વ મુખ્ય સચિવ અનિલ મુકીમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

મુખ્યમંત્રી કાર્યાલયમાં યોજાયેલા આ શપથ વિધિમાં ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈ, ઊર્જા રાજયમંત્રી મુકેશ પટેલ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજકુમાર, સામાન્ય વહિવટ વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશ સહિતના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

વીજ નિયમન પંચના સભ્યો સર્વ મેહુલ ગાંધી અને એસ.આર. પાંડે પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી અને મંત્રીઓએ પુષ્પગુચ્છ અર્પણ કરી અનિલ મુકીમને ર્ઈઈઝના અધ્યક્ષના હોદ્દાનો પદભાર સંભાળવા માટેની શુભકામનાઓ પાઠવી હતી.

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ગાંધીનગર દ્વારા સેવાયજ્ઞ



ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ગાંધીનગર જિલ્લા આયોજિત સેવાકેમ્પમાં ગુજરાતના ૩૨ જિલ્લામાંથી છેલ્લા એક માસથી અવિતરણપણે એસ.આર.પી. ગ્રાઉન્ડની સામે એલ.આર.ડી.ની શારીરિક કસોટી માટે આવેલ ઉમેદવારોની વડિયા આર્કેટમાં ઠાકોર સેના પ્રમુખ ગોવિંદજી ઠાકોર અને તેમની ટીમ દ્વારા જમવાની તથા રહેવાની ઉત્તમ સગવડ કરવામાં આવી છે. અત્યાર સુધી ત્રણ હજારથી વધુ મહિલા ઉમેદવારો માટે જમવાની ફ્રી સગવડ આપવામાં આવી છે અને હજુ એક માસ સુધી સેવાયજ્ઞ ચાલુ રહેશે.

### હળવાશમાં ન લો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પણ પડતી નથી. WHOની એપિડેમોલોજીસ્ટ ડો. મારિયા વેન કેરખોવેએ ટ્વીટ કરીને જણાવ્યું કે, અમુક રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, ડેલ્ટાની સરખામણીમાં ઓમિક્રોનના કારણે હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ ઓછું રહે છે, આ વચ્ચે તેનાથી અનેક લોકો સંક્રમિત થઈ રહ્યા છે, હોસ્પિટલમાં દાખલ છે અને ઓમિક્રોનને કારણે મોતને પણ ભેટી રહ્યા છે. ઈંગ્લેન્ડમાં ઓમિક્રોનને કારણે ૧૪ મોત નિપજ્યા છે. WHOના ચીફ સાયન્ટિસ્ટ ડો. સૌમ્યા સ્વામિનાથને ટ્વિટર પર જણાવ્યું છે કે, ઓમિક્રોન કોઈ સામાન્ય શરદી નથી, આરોગ્ય સિસ્ટમમાં ડૂબી શકે છે.

### રૂટ લિક

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેહતાબ સિંહ ગિલ, પ્રમુખ સચિવ (ગૃહ મામલા) અને ન્યાયમૂર્તિ અનુરાગ વર્મા સામેલ હશે. કમિટી ૩ દિવસની અંદર પોતાનો રિપોર્ટ રજુ કરશે. ૫ જાન્યુઆરીએ ઘટેલી આ ઘટના પર અનેક સવાલ ઉઠી રહ્યા છે. ફ્લાયઓવર પર જ્યારે પીએમ મોદીનો કાફલો ફસાયો તો ત્યાં કેટલાક પ્રદર્શનકારીઓ હાજર હતા. એટલું જ નહીં કેટલાક પ્રદર્શનકારીઓ તો ચા પીતા પણ જોવા મળ્યા અને ત્યાં ઊભેલી પોલીસ તમાશો જોતી રહી. અનેક પોલીસવાળા તો પ્રદર્શનકારીઓ વચ્ચે પણ જોવા મળ્યા.

આવામાં સવાલ એ ઉઠે છે કે શું પીએમ મોદીનો રૂટ જાણી જોઈને લીક કરાયો ? આ ૫ મોટા સવાલ મો વકાસીને ઊભા છે- પીએમ મોદીનો રૂટ જાણી જોઈને લીક કરાયો? પીએમ મોદીના પહોંચતા પહેલા રસ્તો કેવી રીતે બ્લોક થયો? પ્રદર્શનકારીઓને કેવી રીતે ખબર પડી કે પીએમ અહીંથી પસાર થશે? પોલીસ પ્રદર્શનકારીઓને રોકી શકી કેમ નહીં?

### ભર શિયાળે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આજે પણ સવારથી આકાશમાં વાદળોનો ઘેરાવ યથાવત જોવા મળ્યો હતો. જયારે બપોરના સમયે નભમાં નિખરતા વરસાદી વાદળો ઝાપટુ વરસાવી જતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદી ઝાપટાથી સેકટરોના માર્ગો ભીંજાઈ ગયા હતા. જયારે ઠેર ઠેર માટી ભીની થતા કેટલાક ઠેકાણે કાદવ કિચ્ચડ પણ જોવા મળ્યો હતો. નગરના માર્ગો આસપાસ પણ વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા હતા. કેટલાક ઠેકાણે વરસાદી ઝાપટાની અસર વિશેષ રહી હતી બપોરના સમયે અચાનક જ વરસાદના ઝાપટાથી મોસમનો નઝારો બદલાઈ ગયો હતો. વરસાદના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. છેલ્લા ચાર પાંચ દિવસથી એકબાજુ ઠંડીનુ જોર ઘટી ગયુ છે. જયારે બીજીતરફ છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનો આકરી ઠંડીમાં રાહત અનુભવી રહ્યા છે. છેલ્લા ચાર પાંચ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રીની ઉપર જોવા મળે છે. જયારે આજે પણ વાતાવરણ પલ્ટાના અંતે લઘત્તમ તાપમાન ૧૭.૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. આ ઉપરાંત મહત્તમ તાપમાન પણ ૨૨.૬ ડીગ્રીએ આવી ગયુ હતુ. વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ઠંડીનુ જોર ઘટયુ હતુ. અલબત્ત ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૧.૫ ડીગ્રી ઘટી ગયો હતો. જયારે દિવસનુ તાપમાન પણ નીચે સરકી ગયુ હતુ. જેના લીધે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૪ ડીગ્રીનો જ તફાવત જોવા મળ્યો હતો. બદલાતા વાતાવરણ વચ્ચે સવારે અને સાંજે વરસાદી વાદળોનો નઝારો નિખરતા ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ.

દિવસ દરમિયાન વાતાવરણમાં ૯૨ થી ૯૪ ટકા ભેજ રહ્યો હતો. જયારે દિવસના અંતે ૨ મી મી વરસાદ વરસ્યો હતો. આજે બપોરના સમયે અચાનક જ ખાબકેલા વરસાદી ઝાપટાના અંતે વાતાવરણમાં ધુમ્મસ પ્રવર્તયુ હતુ. હવામાન તજજ્ઞોનાના મતે હાલ શિયાળાની ઠંડીના દિવસોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનુ જોર ઘટયુ છે. પરંતુ આગામી બે દિવસમાં ફરી શીતલહેરથી નગરજનો અસહ્ય ઠંડીનો અનુભવ કરશે. શિયાળો વધુ આકરો બનશે. એકબાજુ કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે નિખરતા વરસાદી નઝારા સાથે ઠંડીની મોસમ પણ સતત રંગ બદલતી રહે છે. જેના લીધે વિચિત્ર મોસમનો અહેસાસ કરતા નગરજનો પણ સુસ્તી અનુભવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. કોરોનાની સાથે સામાન્ય વાયરલ દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. આ ઉપરાંત સાંધાના દુખાવાના તેમજ દમ શ્વાસના દર્દીઓની તકલીફ વધી છે. શિયાળાની મોસમમાં સતત બદલાતા વાતાવરણથી જન આરોગ્ય વિશેષ પ્રભાવિત છે. ત્યારે નગરજનો કોરોનાના કહેર વચ્ચે મોસમની વિચિત્ર અસરથી બચવા હવે ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. કોરોનાના વધતા કહેર વચ્ચે આગામી દિવસોમાં હવે ઠંડીનો મિજાજ પણ ઉગ્ર બનશે.

### ગટર લાઈનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવનાર છે. ગટર લાઈન દાયકાઓ જુની છે. જેને અનુલક્ષી ફરિયાદો વધી રહી છે. ત્યારે સફાઈ કામદારોનો જીવ જોખમમાં મુકી આ પ્રમાણે કામગીરી ન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે ગટર વિભાગના અધિકારીઓની જાણ બહાર એજન્સી કક્ષાએથી સફાઈ કામદારને લાઈનમાં ઉતારવામાં આવ્યો હોવાનુ પણ ધ્યાનમાં આવ્યુ છે. એજન્સીના માણસો સ્થળ પર મશીનરી સાથે કામગીરી કરવા પહોંચ્યા હતા ત્યારે લાઈનમાં જેટીંગ મશીનની સાથે લોખંડનો પાઈપ ફસાઈ જતા સફાઈ કામદારને પાઈપ કાઢવા માટે નીચે ઉતારવામાં આવ્યો હોવાનુ પણ પ્રાથમિક તબક્કે સ્પષ્ટ થુય છે. ત્યારે આ પ્રકારના બનાવો અટકાવવા માટે પણ સુર ઉઠવા પામ્યો છે. સદનસીબે સફાઈ કામદાર સલામત રીતે બહાર આવી ગયો હતો.

ધાનેરાવાસીઓને નવા વર્ષની શુભકામનાઓ...
ગાંધીનગર સમાચારમાં સમાચાર, જાહેરાત આપવા સંપર્ક કરો.



ભરતકુમાર બી. પરમાર
મંથન પાન પાર્લર, યુનિયન બેંક સામે, રામચંદ સ્વરાજ હોસ્પિટલ પાસે, સ્ટેશન રોડ, ધાનેરા.
સંપર્ક : ૯૯૦૪૦ ૭૮૯૭૬

ડો. હરેશ એન. આચાર્ય એમ.ડી.
(૦૨૭૪૮) ૨૨૩૧૪૫, ૨૨૧૨૩૪
મો. ૯૮૯૮૬૬૮૦૦૭
પ્રેરણા હાર્ટ એન્ડ મેડીકલ હોસ્પિટલ
કન્સલ્ટીંગ ફીઝીશીયન, કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ડાયાબીટોલોજીસ્ટ
હૃદય, ફેફસા, ડાયાબીટીશ, દમ, ટી.બી., બી.પી., કીડની, આંતરડા, લીવર, મગજ, લકવો તથા તાવના રોગોના નિષ્ણાંત.
પેટ્રોલ પંપની બાજુમાં, ત્રણ રસ્તા, ધાનેરા. (બનાસકાંઠા)

નવા વર્ષનીશુભેચ્છા સહ...
શ્રી હરજીભાઈ ચમનાજી સોલંકી
ચેરમેનશ્રી
કોરોબારી સમિતિ
નગરપાલિકા, ધાનેરા



ડો. પિયુષ માળી
(BAMS CRGUHS)
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
Mo.9898980487
રિદ્ધિ કલીનીક
પ્રજાપતિ મેડીકલની બાજુમાં, સ્ટેશન રોડ, ધાનેરા. (બ.કાં.)



નવા વર્ષની શુભેચ્છા સહ...
શ્રીમતી કમલાબેન રમેશભાઈ નાઈ
પ્રમુખશ્રી
નગરપાલિકા, ધાનેરા

डॉ. नवनीत सेठी
(एम.एस.)
कन्सल्टन्ट सर्जन
:(02743) 2227722
M. 09426359953
सेठी होस्पिटल एण्ड लेप्रोस्कोपिक सेन्टर
जानी शोपींग सेन्टर, धानेरा–385310. (ब.कां.)

Chaudhary Hotel
ઈશ્વરભાઈ એમ. ચૌધરી Mo. 99254 80921
રમેશભાઈ એમ. ચૌધરી Mo. 99792 13399
ચૌધરી હોટલ
કાઠીયાવાડી
શુધ્ધ શાકાહારી ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ તથા ઠંડા-પીણાં મળશે.
થરાદ-નેનાવા ત્રણ-રસ્તા, ધાનેરા - ૩૮૫૩૧૦ (બ.કાં.)

डो. सुरेश एन. पटेल
M.D. Medicine
Fellowship in Critical Care
Mo. 99090 13048
डॉ.रमेश वी.चौधरी
Ex.आई.सी.यु.मेडीकल.ओफीसर
लायन्स होस्पिटल, महेसाणा
Mo.99099 76400
पुजा आई.सी.यु.
एवं इमरजन्सी सेन्टर
24 x 7 Emergency Service-
रेल्वे स्टेशन रोड,पेट्रोल पंप के पास,धानेरा-३८५३१०(बी.के.)गुजरात

AYUSH MULTISPECIALITY HOSPITAL
डॉ. भरत बी. प्रजापति
M.S.
जनरल एन्ड एन्डो युरो लेप्रोस्कोपिक सर्जन
Mo. 090990 99894
आयुष
एपोइन्टमेन्ट
Mo. 095582 50981
Ph. 02748-222399
मल्टी स्पेश्यालीटी होस्पिटल
GEB के सामने, विवेकानंद हाईस्कुल के पास, पेट्रोल पंप के पासमें, धानेरा (ब.कां.)